# સુરત મનપાના નવા પદાધિકારી 28મીએ નિમાશે, એજન્ડા જાહેર



**ભાજપના** મોવડી મંડળમાં લાંબી ખેંચતાણ બાદ પદાધિકારીઓનાં નામો પર સસ્પેન્સ

સુરતઃ સુરત મનપાના નવા શાસક બોર્ડની રચના માટે આગામી 28 મેના રોજ સામાન્ય સભા બોલાવવાનો એજન્ડા જાહેર કરવામાં આવ્યો છે. આ મહત્ત્વપૂર્ણ સભામાં નવા મેયર, ડેપ્યુટી મેયર તેમજ સ્થાયી સમિતિના ચેરમેનની વરણી કરવામાં આવશે. 28 એપ્રિલે જાહેર થયેલા મનપાની ચૂંટણીના પરિણામો બાદ હવે લગભગ એક માસ પછી નવા ચૂંટાયેલા કોર્પોરેટરો મનપામાં વિધિવત રીતે પ્રવેશ કરશે.

આ વખતે મનપાની ચૂંટણીમાં ભાજપે ફરી કુલ 120 બેઠકમાંથી ભાજપે 115 બેઠક જીતતા વિરોધ પક્ષ લગભગ નામમાત્ર રહ્યો છે. આમ આદમી પાર્ટીના ચાર અને કોંગ્રેસના માત્ર એક ઉમેદવારને જીત મળી હતી.

ભાજપના ભવ્ય વિજય બાદ પદાધિકારીઓની પસંદગી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થશે તેવી ધારણા હતી, પરંતુ પાર્ટીના મોવડી મંડળમાં ચાલી રહેલી આંતરિક ચર્ચા અને ખેંચતાણને કારણે પ્રક્રિયામાં વિલંબ થયો હોવાની રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી હતી. ખાસ કરીને મેયરપદ, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ માટે અનેક દાવેદારો મેદાનમાં હોવાથી છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય લોબિંગ તેજ બન્યું હતું. ભાજપના પ્રદેશ નેતૃત્વ દ્વારા અંતિમ મંજૂરી બાદ જ નામોની સત્તાવાર જાહેરાત થવાની હોવાથી હાલમાં તમામની નજર ગાંધીનગર તરફ મંડાઈ છે.

28 મેની સામાન્ય સભા પહેલા પ્રદેશ ભાજપ તરફથી આવનારા મેન્ડેટમાં કોના નામ પર મહોર વાગે છે તે અંગે રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. નવી ટર્મ માટે મનપાના શાસક પદાધિકારીઓ સામે શહેરના વિકાસકાર્યો, ટ્રાફિક, પાણી પુરવઠો, ડ્રેનેજ, મેટ્રો પ્રોજેક્ટના કારણે મુશ્કેલીઓ તથા નાગરિક સમસ્યાઓ જેવા મુદ્દાઓ પડકારરૂપ બનવાના છે.

# ચેમ્બરની ચૂંટણી કોર્ટમાં પહોંચી, 'સ્ટે' નહીં હોવાથી રવિવારે મતદાન

**ચૂંટણી** અટકાવવા અને ચુકાદા સુધી પરિણામ જાહેર નહીં કરવાની CA કાકડિયા દ્વારા દાદ મંગાઇ હતી

**કોર્ટે** તાકીદની સુનાવણી કરી, પરંતુ કોઈ સ્ટે આપ્યો નહીં, વધુ સુનાવણી સોમવારે રાખતાં હવે ચૂંટણી અટકશે નહીં

સુરતઃ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ચૂંટણી પ્રક્રિયા, ચૂંટણી કમિટી અને આર્બિટેશન કમિટીની કાર્યવાહી મુક્ત ન્યાયી ન હોવાની ફરિયાદ સાથે સી.એ. હાર્દિક જીવરાજભાઈ કાકડિયાએ સુરતની કોર્ટમાં કરેલી પિટિશનમાં આજે તાકીદની સુનાવણી બાદ કોઈપણ પ્રકારનો સ્ટે આપ્યા વિના વધુ સુનાવણી સોમવારે રાખતા હવે ચેમ્બરમાં ચૂંટણી અટકશે નહીં તે નિશ્ચિત થઈ ચૂક્યું છે. સીએ હાર્દિક કાકડીયા દ્વારા કરવામા આવેલી પિટિશનમાં બે મુખ્ય માંગણીઓ કરવામાં આવી હતી. જેમાં ચેમ્બરના ઉપપ્રમુખ પદની ચૂંટણી પારદર્શી રીતે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં થાય એ માટે રવિવારે યોજાનારી ચૂંટણી પર મનાઈ હુકમ આપવો તથા જો બેલેટ પેપર પ્રકાશિત થઈ ગયા હોય તો કોર્ટ અંતિમ ચુકાદો આપે ત્યાં સુધી ચૂંટણીનું પરિણામ અટકાવવું. અરજદાર સી.એ. હાર્દિક જીવરાજભાઈ કાકડિયાએ ચેમ્બરની આર્બિટેશન કમિટી સમક્ષ અરજી કરી હતી. પણ કમિટીએ તેઓની અરજી પર કોઈ કાર્યવાહી નહીં કરતાં તેઓએ નારાજ થઈ કોર્ટમાં તાકીદની પિટિશન કરી હતી. જે કોર્ટે ગ્રાહ્ય રાખી તાબડતોડ શુક્રવારે સુનાવણી રાખી હતી.

# સ્ટેમ્પ વેન્ડર મેવાવાલા દંપતી સામે ઠગાઈનો ગુનો દાખલ

**પાલના** કાપડ વેપારીએ રૂપિયા પરત માંગતા ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી

સુરતઃ પાલ એલ.પી. સવાણી રોડ પર રહેતા અને ડાઈંગ પ્રિન્ટિંગ પ્રેસના વ્યવસાય સાથે સંકળાયેલા એક વેપારી પાસેથી સ્ટેમ્પ વેન્ડર અને તેની પત્નીએ પલસાણાની કરોડોની બિનખેતી જમીનના દસ્તાવેજ માટે રૂ.૧૦,૬૧,૦૦૦ આરટીજીએસથી ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ આજદિન સુધી ઈ-સ્ટેમ્પ પેપર ન આપી કે નાણાં પરત ન કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે પાલ પોલીસે વેપારીની ફરિયાદના આધારે સ્ટેમ્પ વેન્ડર દંપતી વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલ એલ.પી. સવાણી રોડ પર આવેલા 'સુમીરો સીલ્વર લીફ'માં રહેતા પ્રતિક મનોજભાઈ ગોયલ ડાઈંગ પ્રિન્ટિંગ પ્રેસનો કારોબાર ચલાવે છે. તેઓએ સુરત ડિસ્ટ્રિક્ટના પલસાણાના માખીંગા ગામના રેવન્યુ સરવે બ્લોક નંબર ૬૬/અ (મૂળ બ્લોક નં-૬૬) વાળી આશરે ૨૦૫૩૯.૦૦ ચોરસ મીટર જેટલી વિશાળ બિનખેતીની ઔદ્યોગિક હેતુ માટેની જમીન ખરીદી હતી. આ કરોડોની જમીનનો વેચાણ દસ્તાવેજ કરવાનો હોવાથી પ્રતિકભાઈને મોટી રકમના જનરલ ઈ-સ્ટેમ્પ પેપરની જરૂરિયાત ઊભી થઈ હતી. વેપારી પ્રતિક ગોયલે ઈ-સ્ટેમ્પ પેપર ખરીદવા માટે સત્તાવાર સ્ટેમ્પ વેન્ડર તરીકે કામ કરતાં રામ કિરીટકુમાર મેવાવાલાનો સંપર્ક સાધ્યો હતો. રામે સરકારી ચલણ ભરવાના બહાને પોતાની પત્ની સલોની મેવાવાલાના અડાજણ શાખાના બેંક ખાતામાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. જેથી વેપારીએ ગત તા. ૦૮/૦૪/૨૦૨૬ ના રોજ રૂ.૧૦,૬૧,૦૦૦ ઓનલાઈન આરટીજીએસ (RTGS) મારફતે ટ્રાન્સફર કર્યા હતા. ગત તા. જે બાદ દોઢ મહિના જેટલા લાંબા સમયગાળા દરમિયાન વેપારી પ્રતિકભાઈએ વારંવાર પોતાના ઈ-સ્ટેમ્પ પેપરની માંગણી કરી હતી. જો કે, આરોપી રામ મેવાવાલા અને તેની પત્નીએ સરકારી પ્રક્રિયાનું બહાનું ધરીને સતત વાયદા બજાર ચાલુ રાખ્યું હતું. અંતે વેપારીએ રૂપિયા તાકીદે પરત માંગતા દંપતીએ વેપારીને જાનથી મારી નાખવાની તેમજ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી ઓફિસમાંથી હાંકી કાઢ્યા હતા. કાપડના વેપારી પ્રતિક મનોજભાઈ ગોયલે પાલ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે સલોની રામ મેવાવાલા અને રામ કિરીટકુમાર મેવાવાલા (બન્ને રહે., કલ્પના સોસાયટી, સોના હોટેલની પાછળ, પાલણપોર પાટિયા, રાંદેર રોડ, સુરત) વિરુદ્ધ ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.

**એજન્ડા જાહેર થયા બાદ 28મીએ બકરી ઈદની રજા જાહેર**

# ઈતિહાસમાં પ્રથમ વખત મનપાની સામાન્ય સભા રજાના દિવસે મળશે

**ચર્ચા** પ્રમાણે 28 મે નવા બોર્ડની રચનાનો છેલ્લો કાનૂની દિવસ હોવાથી તારીખ બદલવી મુશ્કેલનો મત

સુરતઃ સુરત મહાનગરપાલિકાના નવા શાસક બોર્ડની રચના માટે 28 મેના રોજ બોલાવવામાં આવેલી પ્રથમ સામાન્ય સભા હવે વિવાદ અને ટેકનિકલ ગૂંચવણ વચ્ચે ચર્ચાનો વિષય બની છે. મનપા દ્વારા બહાર પાડવામાં આવેલા એજન્ડા મુજબ આ બેઠકમાં નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનની વરણી કરવામાં આવવાની છે. જોકે એજન્ડા જાહેર થયા બાદ સાંજે કેન્દ્ર સરકારના પરિપત્રમાં 28 મેના રોજ બકરી ઇદની જાહેર રજા જાહેર થતાં મનપા તંત્ર મૂંઝવણમાં મુકાઈ ગયું છે. હવે સ્થિતિ એવી સર્જાઈ છે કે સુરત મનપાના ઇતિહાસમાં પહેલી વખત જાહેર રજાના દિવસે સામાન્ય સભા બોલાવવાની ફરજ પડશે. સામાન્ય રીતે જાહેર રજાના દિવસે મનપાની કોઈ મહત્વપૂર્ણ બેઠક યોજાતી નથી, પરંતુ આ વખતે કાનૂની મર્યાદાઓને કારણે તારીખ બદલવી મુશ્કેલ બની હોવાનું મનપા સૂત્રો જણાવી રહ્યા છે.

બીપીએમસી એક્ટ મુજબ નવા બોર્ડની રચના માટે 28 મે છેલ્લો દિવસ હોવાનું કહેવાઈ રહ્યું છે. બીજી તરફ ભાજપના પદાધિકારીઓની પસંદગી મુદ્દે લાંબા સમયથી ચાલી રહેલી અનિર્ણાયકતા અને મોવડી મંડળમાં ચાલેલી ખેંચતાણને કારણે બોર્ડ રચનાની પ્રક્રિયા છેક છેલ્લી તારીખ સુધી ખેંચાઇ હતી. પરિણામે હવે જાહેર રજાના દિવસે બેઠક યોજવાની નોબત આવી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. મનપા દ્વારા સામાન્ય સભાનો એજન્ડા સત્તાવાર રીતે જાહેર થઈ ચૂક્યો હોવાથી હવે બેઠકની તારીખ બદલવી ટેકનિકલ રીતે શક્ય નથી. જો તારીખ બદલવામાં આવે તો કાનૂની જટિલતાઓ ઊભી થવાની શક્યતા હોવાનું પણ મનાઈ રહ્યું છે. જેના કારણે મનપા તંત્ર અને ભાજપના નેતાઓ બંને માટે આ સ્થિતિ અસ્વસ્થતા ઊભી કરનારી બની છે. આ બેઠકમાં નવા ચૂંટાયેલા કોર્પોરેટરો પ્રથમ વખત વિધિવત રીતે સભાખંડમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ નવા પદાધિકારીઓની વરણીની પ્રક્રિયા હાથ ધરાશે.

# 50 લાખની લુંટમાં ગુનેગારોને પકડવા 8 ટીમ કામે લાગી

**ડીસીપી** ઝોન-1ની પાંચ અને ક્રાઇમ બ્રાંચની ત્રણ ટીમ થોડા વિરામ બાદ ફરીથી અલગ અલગ રાજ્યો ખૂંદી રહી છે

સુરત : વરાછાના લંબેહનુમાન રોડ પરની એસબીઆઈમાંથી રોકડા રૂપિયા 50 લાખની લૂંટ કરી પોલીસને પડકાર ફેંકનારી ગેંગને ઝબ્બે કરવા પોલીસની આઠ ટીમો ફરીથી કામે લાગી છે. થોડા સમયના વિરામ બાદ પોલીસને આરોપીઓ અંગેની જાણકારી પ્રાપ્ત થતાં અલગ અલગ રાજ્યોમાં પોલીસની ટીમો આરોપીને પકડી પાડવાના પ્રયાસો કરી રહી છે.

ગઈ તા. 27મી એપ્રિલે બપોરે એકથી બે વાગ્યાના સમયગાળામાં એસબીઆઈમાંથી પિસ્તોલ બતાવી બેંકના કર્મચારીઓને તેમજ ત્યાં હાજર ગ્રાહકોને ડરાવી-ધમકાવી, બેંકના સેલ્સ મેનેજરને માર મારી રૂપિયા 50 લાખની લૂંટ કરવામાં છ આરોપીઓ સફળ થયા હતા. જેમાંથી એક આરોપી શુભમને પોલીસે પકડી પાડ્યો છે. બાકીના પાંચ હજુ પોલીસને દોડાવી રહ્યા છે.

ઘટના બની ત્યારે ક્રાઈમ બ્રાંચની પાંચ અને ડીસીપી ઝોન-1ની પાંચ મળી દસ ટીમો અલગ અલગ રાજ્યો ખૂંદી વળી હતી પણ આરોપીઓ એટલા રીઢા નીકળ્યા કે ક્યાંયથી ભાળ મળી નહીં. જેથી થોડા સમય માટે ટીમો પરત ફરી હતી.

હવે પોલીસને કેટલીક માહિતી મળતાની સાથે જ પુનઃ 8 ટીમો કામે લાગી છે. તપાસનીશ અધિકારી, વરાછાના પોઈ એ.આર. વાળાએ કહ્યું હતું કે ડીસીપી ઝોન-1 હેઠળનાં છ પોલીસ સ્ટેશનમાંથી પાંચ ટીમો બનાવવામાં આવી છે. જે ટીમો પુનઃ સક્રિય થઈ છે અને અલગ અલગ રાજ્યોમાં ગુનેગારોને પકડવા માટેના પ્રયાસો કરી રહી છે.

આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચની ત્રણ ટીમો પણ અલગ અલગ રાજ્યો ખૂંદી રહી છે.

## કુંદન ભગતનો કબજો દસ દિવસ પછી મળે તેવી શક્યતા

રૂપિયા 50 લાખની લૂંટનો માસ્ટર માઇન્ડ કુંદન ભગત બિહારની જેલમાં છે. એ.કે. 47ના કેસમાં એનઆઇએની ટીમે તેની ધરપકડ કરી હતી. જેથી તેનો કબજો મેળવવા માટે વરાછા પોલીસની ટીમે એનઆઇએ કોર્ટ પટણામાં વોરન્ટ જમા કરાવ્યું છે. જેમાં આગામી તા. 2-6-26ના રોજ સૂનાવણી થવાની છે ત્યારે કુંદન ભગતનો કબજો મળી જવાની શક્યતા છે તેમ ડીસીપી આલોકકુમારે કહ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે કુંદન ભગતનો કબજો મેળવવા માટે વરાછા પોલીસની ટીમ બે વખત પટણા જઈ પરત ફરી છે. હવે તા. 2-6-26ના રોજ ત્રીજી વખત ટીમ પટણા જશે. તે વખતે કબજો મળવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# ડિંડોલી મર્ડરનો આરોપી દમણમાંથી પકડાયો

સુરતઃ ડિંડોલી પોલીસ મથકની હદમાં બે મહિના અગાઉ આશિષ સિંગ નામના યુવકની ઘાતકી હત્યા કરી નાસી છૂટેલા વોન્ટેડ આરોપીને PCBની ટીમે દમણના મીરા સોલ વોટર પાર્ક માંથી દબોચી લીધો છે.

પી.સી.બી.ની એક ટીમને બાતમી મળી હતી કે, ડિંડોલી મર્ડર કેસનો મુખ્ય આરોપી હિતેષ ઉર્ફે દાદુ દગડુ ગુરવ (ઉં.વ.૨૫, રહે., પ્લોટ નં. ૨૨, સાંઈનગર, ગોડાદરા) હાલ ઓળખ છૂપાવીને દમણ ખાતે ફરી રહ્યો છે. બાતમી મળતા પી.સી.બી.ની ટીમે દમણના મીરા સોલ માં વોચ ગોઠવી આરોપી હિતેષ ઉર્ફે દાદુને દબોચી લીધો હતો.

## જાહેરનામું

ગુજરાત સરકાર મહેસુલ, વિભાગ સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ ડાંગ — તા. 22 DEC 2025
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૯૪ -જડગ-૧૪૨૦૨૪-૮૧૧-ઘ

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ-(૧) હેઠળ (હવે પછી તેનો "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં બતાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે "ચીખલી-સાપુતારા રોડ(SH-૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા"ના પ્રોજેકટ માટે જરૂર છે.

૨. આથી જાહેર કરે છે કેઃ

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ હે. ૦૨-૨૭-૬૩.૩૩ ચો.મી. છે અને તે મોજે. આંબાપાડા(સાકરપાતળ) તા. વઘઈ જિ. ડાંગ માં આવેલ છે.

(2) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. "ચીખલી-સાપુતારા રોડ(SH- ૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા"ના આંતરમાળખાકીય પ્રોજેકટના બાંધકામ માટે.

(3) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. "ચીખલી-સાપુતારા રોડ(SH-૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા" માટે અનુસુચિત વિસ્તારની જમીન સંપાદનન કારણે.

(૪) સામાજિક અસરોના મુલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૩૪- જડગ-૧૪૨૦૨૪-૮૧૧-ઘ, તા. ૨૪/૦૭/૨૦૨૪ થી મુક્તિ આપવામાં આવેલ છે. અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ .

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરવા અટકાવવા નહી. આ જાહેરનામુ બહાર પાડ્યા કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદનના વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો સદરહું અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદામાંની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પુરેપુરી રીતે રદ કરવામાં આવે તો હકીકત અધિનિયમની જોગવાઈ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે. તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યુ હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૫. સદરહું અધિનિયમની કલમ- ૩ (જ) હેઠળ મળેલ સત્તાની રૂએ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટર તરીકે ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને રજુઆત કરી શકશે.

અનુસૂચિ


| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. આંબાપાડા (સાકરપાતળ) |
|---|---|---|
| ક્રમ | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) |
| ૧ | ૧૬ | ૦૦-૦૨-૭૨.૪૭૯૯ |
| ૨ | ૧૮ | ૦૦-૧૬-૧૨.૦૮૨૯ |
| ૩ | ૨૧ | ૦૦-૨૦-૪૧.૭૦૯૨ |
| ૪ | ૨૫ | ૦૦-૦૭-૭૭.૨૪૭૨ |
| ૫ | ૨૮ | ૦૦-૨૮-૮૮.૯૦૨૭ |
| ૬ | ૩૪ | ૦૧-૦૧-૬૦.૪૯ |
| ૭ | ૫૮ | ૦૦-૦૪-૨૩.૮૯૪૬ |
| ૮ | ૫૯ | ૦૦-૧૮-૩૬.૧૪૦૩ |
| ૯ | ૬૧ | ૦૦-૦૧-૧૯.૨૫૨૯ |
| ૧૦ | ૬૨ | ૦૦-૦૦-૦૬.૫૩૬૯ |
| ૧૧ | ૭૫ | ૦૦-૦૦-૫૫.૫૨૪૭ |
| ૧૨ | ૭૬ | ૦૦-૧૧-૯૩.૪૧૯૫ |
| ૧૩ | ૭૭ | ૦૦-૦૩-૬૯.૪૧૬૧ |
| ૧૪ | ૭૮ | ૦૦-૦૮-૮૯.૭૩૨૪ |
| ૧૫ | ૭૯ | ૦૦-૦૧-૧૬.૫૦૦૭ |
| કુલ | | ૦૨-૨૭-૬૩.૩૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
ક્રમાંકઃમાહિતી/ડાંગ/૩૧/૨૦૨૬
(રોજ નમેરા)
સરકારના ઉપ સચિવ

## સુડોકુ ૬૫૩૦ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૯ | ૫ | | ૩ | | | ૬ |
| | ૮ | | ૯ | ૧ | | | ૭ | |
| | | ૫ | | | | | ૧ | ૯ |
| ૮ | ૩ | ૪ | ૨ | | ૫ | ૭ | | ૧ |
| ૯ | | | ૮ | | ૧ | | ૫ | ૪ |
| | ૨ | | ૭ | ૪ | | | ૩ | ૮ |
| | ૯ | | ૧ | ૬ | | | ૪ | ૩ |
| ૭ | | ૬ | | | ૯ | | ૮ | |
| | ૫ | ૩ | ૪ | ૨ | | ૬ | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગૂમડા

પુત્રંજીવા એક વૃક્ષનુ નામ છે જે જીયાપોતા નામે પણ ઓળખાય છે. એના બીજની મીંજ કાઢી એનો લેપ કરવાથી ગૂમડા ની પીડા મટે છે. ભગંદર જેવા વ્યાધિ પર લેપ ઊપરાંત ત્રિફલા ગુગળ ની બે બે ગોળી સવાર સાંજ લેવી.

# પાસોદરામાં વિધવાને લગ્નની લાલચે પીંખી નાંખનાર નરાધમ જેલભેગો

સુરતઃ સુરત ગ્રામ્યના પાસોદરા વિસ્તારમાં એક લાચાર વિધવા મહિલાને લગ્નની ખોટી જાળમાં ફસાવી બે વર્ષ સુધી નરાધમ યુવકે અવારનવાર દુષ્કર્મ આચર્યા બાદ તેને તરછોડી દીધી હતી. આરોપીના અન્ય સ્ત્રીઓ સાથેના આડા સંબંધો બહાર આવતા પીડિતાએ લગ્નનું દબાણ કર્યું, ત્યારે આરોપીએ હડધૂત કરી જાતિવિષયક ગાળો ભાંડી હતી. લસકાણા પોલીસે નરાધમ પ્રેમીની ધરપકડ કરી છે.

પાસોદરા ગામમાં રહેતી ૩૨ વર્ષીય વિધવા રમીલાબેન (નામ બદલ્યું છે) પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે કેટરર્સના વ્યવસાય સાથે સંકળાયેલી છે. આ કામકાજ દરમિયાન જ તેમનો પરિચય ચેતન સુરેશભાઈ કડુ નામના શખ્સ સાથે થયો હતો. તેને 'હું તારી સાથે લગ્ન કરીશ અને તને સાચવી લઈશ' તેવી ખોટી લાલચો આપી બે વર્ષ સુધી સતત રમીલાબેનની અસહાયતાનો ફાયદો ઉઠાવી બળાત્કાર ગુજાર્યો હતો. સતત શોષણનો ભોગ બન્યા બાદ પીડિતાને અચાનક જાણવા મળ્યું હતું કે ચેતન કડુ માત્ર તેને જ નહીં, પણ અન્ય કેટલીક મહિલાઓને પણ પોતાની જાળમાં ફસાવી ચૂક્યો છે અને તેમની સાથે પણ શારીરિક સંબંધો ધરાવે છે. રમીલાબેને જ્યારે વહેલી તકે લગ્ન કરી લેવા માટે દબાણ કર્યું, ત્યારે આરોપીએ સાફ શબ્દોમાં કહી દીધું હતું કે, "મરે તારી સાથે કોઈ લગ્ન કરવાના નથી. આટલું જ નહીં, આરોપીએ પીડિતાને એકલી અટૂલી જોઈને જાહેરમાં અપમાનિત કરી જાતિવિષયક ગંભીર ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભગાડી મૂકી હતી. લસકાણા પોલીસે પીડિતાની અતિ સંવેદનશીલ ફરિયાદના આધારે દુષ્કર્મ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી નરાધમ આરોપી ચેતન સુરેશ કડુને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું છે.


## શબ્દગુંફન - ૭૨૨૭

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. એક નાનું વગડાઉ પંખી (૫)
૫. દીવો, દીપક (૨)
૭. તરફદારી (૪)
૮. અધીરાઈનું આકળાપણું (૪)
૧૦. જાનવર, જનાવર (૨)
૧૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૧૨. શરીરની અંદર થતી પીડા (૪)
૧૪. લગ્નની મોસમ (૫)
૧૯. હેરાનગતિ (૪)
૨૧. વિદાયગીરી (૪)
૨૪. તંતુ, દોર (૨)
૨૫. ધૂન, મસ્તી (૨)
૨૭. નસીબ, કિસ્મત(૪)
૩૦. તેજ, ભપકો (૩)
૩૨. મૃત્યુના દેવ (૨)
૩૩. હવા, વાયુ (૩)
૩૪. સૈન્ય, છાવણી (૩)

**ઊભી ચાવી**
૧. મિત્ર (૨)
૨. ઘોડેસવાર પલટણ (૩)
૩. વિનાનું, વગરનું (૩)
૪. ઘોડેસવાર લશ્કર (૪)
૬. કુહાડી, ફરશી (૩)
૮. સ્નેહ, પ્રીત (૩)
૯. પવિત્ર, શુદ્ધ (૩)
૧૦. પારકું, અન્ય (૨)
૧૨. કુદરતી બરફના કકડા (૨)
૧૩. પુત્ર (૩)
૧૫. ઊંડું, ગાઢું (૩)
૧૬. એક ને પા (૨)
૧૭. ટોચ, છેડો (૨)
૧૮. ભાઈ (૨)
૧૯. પાછું (૩)
૨૦. ખબર, હુકમ (૩)
૨૨. વગાડવું તે (૩)
૨૩. 'સીતા ઔર...' (૨)
૨૬. આંખ (૩)
૨૮. છળ, પ્રપંચ (૩)
૨૯. નકામું, બાદ કરેલું (૨)
૩૦. ગુસ્સો, આવેગ (૨)
૩૧. પ્યાલો (૨)



## આજનું પંચાંગ

**તા.23/05/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિઃ** સુદઃ આઠમઃ 28:28- દુર્ગાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જૈઠઃ 02
**યોગ :** ધ્રુવ **કરણઃ** વિષ્ટી
**નક્ષત્ર :** મઘાઃ- 26:10
**રાશિઃ** સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ- બુધનો પશ્ચિમમાં ઉદય
**સુરતમાં સૂર્યોદય :** 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:11
**નવકારસી :** 06:48
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારેઃ- 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** માનસિક અશાંતિ સતાવે. આર્થિક વ્યવહારમાં ઉતાવળ કરવી નહી. પ્રેમમાં ગેરસમજથી અવિશ્વાસ વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** બહારના કામનો બોજ વધે. ઘરમાં વડીલોની સમસ્યા સતાવે. પડવા-વાગવાથી સાવધાન રહેવું.

**મિથુન (ક,છ,ઘ,):** વધુ પડતો આત્મવિશ્વાસ ઉતાવળિયા બનાવે. ભુલોથી નુકસાન થાય. મિત્રો સાથે વિવાદ થાય.

**કર્ક (ડ,હ,):** વાણી પર કાબૂ રાખવો. ઘરમાં તાલમેળ ઓછો રહે. અચાનક ખર્ચા વધશે.

**સિંહ (મ,ટ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવુ.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજમાં અપયસ મળે. નોકરીમાં અશાંતિ વધે. કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. ખર્ચા વધે. સામાજિક પ્રશ્નો સતાવે. અણગમતા સમાચાર મળે.

**તુલા (ર,ત,):** ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં અશાંતિ વધે. મનોરંજન પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી-ધંધામાં જવાબદારી વધે. વડીલો સાથે ઘર્ષણ થાય. સ્ત્રી વર્ગથી પરેશાની આવી શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્ય નરમ રહે. ધાર્મિક પ્રસંગમાં જવાનું બને. આવક વધે. શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** વિશ્વાસઘાતથી સાવધાન. આધ્યાત્મિક શાંતિ મળે. વીલ-વારસા બાબતે સાવધાની રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,):** રોજના કામમાં શાંતિ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. દાંપત્ય જીવનમાં અશાંતિ પેદા થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકર-ચાકરથી સાવધાન આરોગ્યની સમસ્યા સતાવે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.

## કોઈ પણ સાલમાં 23 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ અને નવી જવાબદારી વધારનાર રહેશે. નોકરી-ધંધા-પ્રવાસમાં હરીફો-પરેશાન કરે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્યમ વર્ગમા પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં સામાન્ય રહે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાનું બને. વારસા, જાયદાદ, જમીનનો કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14,23 તારીખે નવાં કામ કરતાં રહેવુ. લીલાં રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઈ, શનિવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. કાળો અને લાલ રંગ ઓછો વાપરવો. બુધવારના ઉપાય કરતાં રહેવું.